ક્રમાંક:જીઆઇડીસી/વ.ક./પો.વિતરણ/
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા. /૦૬/૨૦૧૯.

પ્રતિ,
તમામ વિભાગીય પ્રબંધકશ્રી, જીઆઇડીસી
તમામ પ્રાદેશિક મેનેજરશ્રી, જીઆઇડીસી
તમામ અધિક્ષક ઇજનેરશ્રી, જીઆઇડીસી
તમામ કાર્યપાલક ઇજલેરશ્રી, જીઆઇડીસી
તમામ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જીઆઇડીસી

L09003629663
Sender Name: VC & MD
Received Date : 02/07/2019

વિષય: પ્લોટની ફાળવણી/ કરારખત રદ કરવા બાબત.
સંદર્ભ:- નિગમના પરિપત્ર તા. ૨૫/૦૬/૧૯૯૬

નિગમ દ્વારા વિવિધ વસાહતોમાં પ્લોટોની ફાળવણી કરવામાં આવે છે. પ્લોટના ફાળવણી પત્ર સાથે ફાળવણીદારને જરૂરી કરારખતની ત્રણ નકલો મોકલી આપવામાં આવે છે. ફાળવણીદારે ફાળવણી પત્રમાંની નાણાંકીય પુર્તતા સાથે કરારખત કાર્યવિન્ત કરવા સારું નિગમને નિયત સમયમર્યાદામાં રજુ કરવાના હોય છે. ફાળવણીદાર દ્વારા તે અંગેની પુર્તતા થયે નિગમ દ્વારા કબજા સૂચી પત્ર જારી કરવામાં આવે છે. જેના દિન-૨૦ માં ફાળવણીદારે પ્લોટનો ભૌતિક કબજો સંભાળવાનો રહે છે.

નિગમના તા. ૨૫/૦૬/૧૯૯૬ ના પરિપત્રમાં જણાવ્યા પ્રમાણે કરારખત કાર્યાન્વિત થયાના ૨૦ દિવસમાં ફાળવણીદાર પ્લોટનો પ્રત્યક્ષ કબજો મેળવે છે તે જોવું. આમ, ન થાય તો કારણદર્શક નોટીસના સ્વરૂપમાં ૧૫ દિવસનો સમય આપી વધુમાં વધુ ત્રણ વખત ફાળવણીદારને પુર્તતા કરવા RPAD થી જણાવવું અને ત્યાર પછી પણ ફાળવણીદાર પ્લોટ/મિલ્કતનો પ્રત્યક્ષ કબજો મેળવવામાં બેદરકાર રહે તો આવા કિસ્સામાં એલોટમેન્ટ/એગ્રીમેન્ટ સમયસર અચુકપણે રદ કરવું અને RR હુકમ ત્વરીત કરી દેવો.

પરંતુ એવું ધ્યાને આવેલ છે કે, ફાળવણીદાર દ્વારા નિયત સમયમર્યાદામાં કરારખત નિગમને રજૂ કરવામાં આવતાં નથી કે નિગમ દ્વારા કબજા સૂચી પત્ર જારી કર્યા બાદ નિયત સમયમર્યાદામાં મિલ્કતનો ભૌતિક કબજો લેવામાં આવેલ નથી કે ઘણાં સમયબાદ કબજો સંભાળેલ છે અને ઘણાં લાબા સમય બાદ આવા કિસ્સાઓ વડી કચેરીને તબદીલી/પ્લોટના ઉપયોગની સમયમર્યાદા વધારવી વગેરે જેવી રજૂઆતો માટે રજુ દરખાસ્ત નિગમને મળતી હોય છે. જેથી ક્ષેત્રિય કચેરીના તમામ વિતરણ અધિકારીશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે કે જે ફાળવણીદારો દ્વારા નિયત સમયમર્યાદામાં કરારખત નિગમને રજૂ કરેલ નથી કે નિગમ દ્વારા કબજા સૂચી પત્ર જારી કર્યા બાદ નિયત સમયમર્યાદામાં પ્લોટનો કબજો સંભાળેલ નથી તેવા કિસ્સાઓમાં ફાળવણીદારની અંગત જવાબદારી રહેશે. તેમજ નિગમના તા. ૨૫/૦૬/૧૯૯૬ ના પરિપત્રમાં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી ક્ષેત્રીય કચેરીએ તાત્કાલિક બે માસમા પુર્ણ કરવાની રહેશે.

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર